# દરિયાનું બળ ઓછું થાય છે એટલે નામ પડ્યું બળેવ

**માછીમારીની** નવી સિઝનનો પ્રારંભ, નવસારી-વલસાડની 1200 બોટ રવાના થશે

**સાગરખેડૂઓ** સુરક્ષિત રહે તેવી આસ્થા સાથે માછીમારોએ પ્રાર્થના કરી

સુરતઃ નવસારી જિલ્લાના બીલીમોરા સ્થિત ઐતિહાસિક ધોલાઈ બંદરે શ્રાવણી પૂર્ણિમા એટલે કે નાળિયેરી પૂનમના પવિત્ર અવસરે સાગરખેડૂ સમુદાય દ્વારા દરિયાદેવનું પરંપરાગત રીતે પૂજન-અર્ચન કરવામાં આવ્યું હતું. માછીમાર પરિવારો ઢોલ-શરણાઈના તાલે વાજતે-ગાજતે બંદરે પહોંચ્યા હતા અને દરિયાદેવને શ્રીફળ અર્પણ કરી નવી માછીમારી સીઝનનો શુભારંભ કર્યો હતો.

દક્ષિણ ગુજરાતના માછીમારો માટે મહત્વપૂર્ણ ગણાતા ધોલાઈ બંદરેથી એકલા 4 હજારથી વધુ માછીમારો દરિયો ખેડવા જાય છે. નવસારી અને વલસાડ જિલ્લાની કુલ 1200થી વધુ ફિશિંગ બોટ ધરાવતા માછીમારો નાળિયેરી પૂનમના દિવસથી દરિયામાં જવાની તૈયારીઓ શરૂ કરે છે. આજના દિવસથી દરિયાનું બળ ઓછું થતું હોવાથી આ તહેવારને 'બળેવ' તરીકે પણ ઓળખવામાં આવે છે. આગામી 9 મહિના સુધી દરિયાદેવ માછીમારોની રક્ષા કરે છે. દરિયામાં નાળિયેર પધરાવીને અને હોડીઓની પૂજા કર્યા બાદ હવે સાગરખેડૂઓ નવી આશા સાથે ઊંડા દરિયામાં માછીમારી માટે રવાના થાય છે.



## એકાદશીએ ઘરે દરિયાદેવની સ્થાપના કરી પાંચ દિવસ પૂજન થાય છે

માછીમારો એકાદશીના દિવસે દરિયાદેવની ઘરે સ્થાપના કરે છે અને પાંચ દિવસ સુધી પૂજન કરે છે. માછીમારો શ્રાવણી પૂર્ણિમાએ કળશ યાત્રા અને શોભાયાત્રા સાથે દરિયાકિનારે આવે છે. બોટનું વિધિવત્ પૂજન કરી તોફાની દરિયો શાંત થાય અને સાગરખેડૂઓનું રક્ષણ થાય તેવી પ્રાર્થના કરે છે.



## અગાઉ હનુમાનભાગડા પુલ પાસે નદીની પૂજા કરવામાં આવતી હતી

અગાઉ નારિયેળી પૂનમે હનુમાન ભાગડાના પુલ પાસે નદીની પૂજા કરવામાં આવતી હતી. જોકે, 1974થી કોસંબા ગામ પૂજનીય પાંડુરંગ શાસ્ત્રીજીના સાનિધ્યમાં જોડાયા બાદ દરિયાકિનારે સમુદ્ર પૂજનની પરંપરા શરૂ થઈ હતી.



## દમણમાં બોટ સ્પર્ધાનું આયોજન



## રક્ષાબંધને તિથલ દરિયા કિનારે સહેલાણીઓનો ભારે ધસારો



■ રક્ષાબંધનના પવિત્ર તહેવાર નિમિત્તે વલસાડના પ્રખ્યાત તિથલ દરિયા કિનારે સહેલાણીઓની અસાધારણ ભીડ જોવા મળી હતી. તહેવારની રજા હોવાથી વલસાડ જિલ્લા ઉપરાંત આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં લોકો પરિવાર સાથે તિથલ બીચ પર પહોંચ્યા હતા. બહેનોએ ભાઈઓને રાખડી બાંધીને ઉત્સાહપૂર્વક પર્વની ઉજવણી કર્યા બાદ પરિવાર સાથે ફરવા માટે આ રમણીય સ્થળની પસંદગી કરી હતી. દરિયા કિનારે ઠંડા પવનોની મોજ માણતા નાગરિકોએ ઊછળતા મોજા વચ્ચે ઉત્સવની મજા માણી હતી. પ્રવાસીઓની ભારે ભીડને ધ્યાનમાં રાખીને અવાવરું કે જોખમી સ્થળો પર કોઈપણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ દ્વારા પૂરતો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. લોકોએ ખાણીપીણીની લારીઓ પર નાસ્તાની મજા માણી હતી.

## ખેરગામના બહેજમાં દીપડો બકરીનો શિકાર કરી ભાગી છૂટ્યો

ખેરગામ : ખેરગામના બહેજ ગામના મોટા ફળિયામાં રહેતા રતિલાલ પટેલના ઘરે રાત્રે દીપડો ઘૂસી આવ્યો હતો. અંધારામાં દીપડાએ પશુપાલકની બકરીને ઢસડીને અડધો ભાગ ખાઈને ત્યાં જ મૂકીને અંધારામાં ભાગી ગયો હતો. આ ઘટનાને પગલે વિસ્તારમાં ફફડાટ વ્યાપી ગયો છે. આ અંગે તાલુકા પંચાયત સભ્યના પતિ ઈલેશ પટેલને જાણ કરતા તેમણે વન વિભાગને જાણ કરીને પાંજરું મૂકીને દીપડાને પાંજરે પુરવા તાકીદ કરી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### નાનાપોંઢાના જોગવેલ નજીક ટ્રક ખાડામાં ખાબકી



વલસાડ : નેશનલ હાઈવે નંબર 848 ઉપર નાનાપોંઢા નાસિક માર્ગ જોખમી બની ગયેલો છે. જોગવેલ ટેકરા નજીક શુક્રવારે નાશિક તરફ જઈ રહેલી લેલન ટ્રક નંબર ડી.એન.09. વી.9411ના ચાલકે સ્ટિયરીંગ ઉપરથી કાબુ ગુમાવતા ટ્રક માર્ગ નજીકના ઊંડા ખાડામાં ખાબકી પલટી ખાઈ ગઈ હતી. જોકે ઘટનામાં ચાલકનો બચાવ થયો હતો. બીજી તરફ ઘટના સમયે સામેથી કોઈ વાહન આવતું ન હોય મોટી દુર્ઘટના ટળી હતી. અકસમાત સ્થળે માર્ગ ઉપર મોટા પ્રમાણમાં માટી આવી જતા વરસાદને લઈ રસ્તો ચીકણો થતા વાહન સ્લીપ થવાની શક્યતા હોય ત્વરિત માટી હટાવવી જરૂરી બન્યુ છે. નેશનલ હાઈવે ઓથોરીટી આ મુદ્દે કાર્યવાહી કરે તે જરૂરી છે.

### બીલીમોરા સોમનાથ મંદિરે કાવડિયાઓએ જળનો જળાભિષેક કર્યો



કેરસી બારીયા

બીલીમોરા : બીલીમોરા સોમનાથ મંદિરે વીતેલા એક દાયકાથી ઉત્તર ભારતીય સમાજની આગેવાનીમાં યુવાનો કાવડમાં અંબિકા નદીનું પવિત્ર જળ લઈ આવી જળાભિષેક કરે છે. અહીં શ્રાવણી પૂનમ શુક્રવારે સવારે ૨૦૦ કાવડીયા બમ બમ ભોલેના નાદ સાથે જળાભિષેક કરવા પહોંચ્યા હતા. બીલીમોરા આંતલીયા જીઆઇડીસી સ્થિત શિવનાથ ગ્રુપના ૨૦૦ થી વધુ યુવાનો શુક્રવારે વહેલી સવારે ભગવો ધારણ કરી ખુલ્લા પગે ગણદેવી તાલુકાના કછોલી ગંગેશ્વર મહાદેવના દર્શને ઉપડ્યા હતા. જ્યાં ભોલેનાથના દર્શન કરી મંદિરના પૂર્વાભિમુખ વહેતી અંબિકા નદી (ગંગા નદી) નું શુદ્ધ જળ કાવડમાં લઇ બમ બમ ભોલેના નાદ સાથે પગપાળા કાવડયાત્રા શરૂ કરી હતી. તેઓ ૧૫ કિ.મી નું અંતર કાપી બીલીમોરા સોમનાથ મહાદેવ મંદિર પહોંચ્યા હતા. માર્ગમાં ઠેર ઠેર કાવડીયા શિવભક્તોનું સન્માન કરાયું હતું. બીલીમોરા સોમનાથ મંદિરે સદીઓ પૂર્વે સ્વયંભૂ શિવલિંગ પ્રગટ થયું હતું. જેની ઉપર તેમણે બમ બમ ભોલેના નાદ સાથે જળાભિષેક કર્યો હતો. અને દાદાના આશીર્વાદ લીધા હતા. એક દાયકાથી શિવનાથ ગ્રુપ કાવડયાત્રા યોજે છે.

### ધરમપુર પોલીસ સ્ટેશનમાં રક્ષાબંધનની ઉજવણી



આસીફ શેખ

ધરમપુર : રક્ષાબંધનના પવિત્ર પર્વ નિમિત્તે પહેલ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ધરમપુર પોલીસ સ્ટેશનમાં પોલીસકર્મીઓ સાથે રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ધરમપુર પોલીસ સ્ટેશનના PI ભોયાને પહેલ ચેરિટેબલ ટ્રસ્ટની પૂર્વજા ભટ્ટ અને પ્રિયાંશી જાનીએ રાખડી બાંધી રક્ષાબંધનની શુભેચ્છા પાઠવી હતી. બંને બહેનોએ સમાજની રક્ષા માટે દિવસ-રાત ફરજ બજાવતા પોલીસકર્મીઓના સારા સ્વાસ્થ્ય, સુરક્ષા અને સુખાકારી માટે ભગવાનને પ્રાર્થના કરી હતી. સમાજની રક્ષા કરનાર રક્ષકોના હાથ પર સ્નેહની રાખડી બાંધી તેમના પ્રત્યે આભાર અને સન્માન વ્યક્ત કરવાનો આ નાનકડો પ્રયાસ છે, તેમ પહેલ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા જણાવાયું હતું.

### નારગોલ ભંડારી સમાજ દ્વારા આયોજિત શ્રી શિવકથાને વિરામ અપાયો



ઉમેશ સોલંકી

ઉમરગામ : નારગોલમા ભંડારી સમાજ દ્વારા આયોજિત કથાકાર શ્રી પ્રફુલભાઇ શુક્લની શિવકથાને વિરામ આપવામાં આવ્યો હતો. 9 દિવસીય દશાંશ યજ્ઞની સરપંચ સ્વીટીબેન યતીનભાઇ ભંડારીના હસ્તે શ્રીફળ હોમીને પુર્ણાહૂતિ કરવામાં આવી હતી. ભાગ્યશાળી મનોરથી યજમાનો દ્વારા પાર્થિવ શિવલિંગનુ પૂજન, અર્ચન અને અભિષેક કરવામાં આવ્યો હતો. પાર્થિવ શિવલિંગ અને રામેશ્વર મહાદેવના શિવલિંગનુ વિધિ વિધાન સહીત સમુદ્રમાં વિસર્જન કરવામાં આવ્યું હતુ. વ્યાસ પીઠ પરથી કથાને વિરામ આપતા કથાકાર પ્રફુલભાઇ શુક્લએ કહ્યું હતુ કે કર્મ પીછો કરે છે મનુષ્યનો, જેવું વાવશુ એવુ જ ઉગશે, જ્યાંથી શરુ થાય ત્યાં જ પૂર્ણ થાય એને કર્મ કહ્યુ છે, આ સંસારમાં જે મનુષ્ય ભોળા છે એના નાથ મારા ભોળાનાથ છે, હરી અનંત છે અને હરીની કથા પણ અનંત છે. યતીનભાઇ ભંડારીએ બધા જ સમાજને ભેગા કરીને સમરસતાનુ દર્શન કરાવ્યુ છે. કથાકાર પ્રફુલભાઇ શુક્લના હસ્તે નૂતન ભોજનાલયનુ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતુ. મોટી સંખ્યામાં બધાને મહાપ્રસાદ અર્પણ કરવામાં આવ્યો હતો. નમઃ શિવાય અને હરયે નમઃના પ્રચંડ નાદ સાથે વાતાવરણ ગુંજી ઉઠ્યુ હતુ.

## સંક્ષિપ્ત સમાચાર

### ચીખલીના સાદડવેલમાંથી ગાંજા સાથે મહિલા ઝડપાઈ

ઘેજ : ચીખલી પોલીસે સાદડવેલ ગામે છાપો મારી મકાનમાંથી ૧૯૦૦ રૂપિયાના વનસ્પતિજન્ય ગાંજા સાથે એક મહિલાને ઝડપી પાડી અન્ય એકને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી હતી. પૂર્વ બાતમીના આધારે ગત સાંજે સર્વેલન્સ સ્ટાફના વિજયભાઈ, અલ્પેશભાઈ, મહેન્દ્રભાઇ તથા જયપાલસિંહ સહિતનાઓએ તાલુકાના સાદડવેલ ગામના સોનારીયા ફળિયામાં છાપો મારી સવિતાબેનના ઘરમાં પ્લાસ્ટિકની નાની મોટી થેલીમાં રાખેલો ૧૯૦૦ રૂપિયાની કિંમતનો ૦.૦૩૮ ગ્રામનો વનસ્પતિજન્ય ગાંજાનો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે ગુનો નોંધી મોબાઈલ ફોન, ઇલેક્ટ્રોનિક વજન કાંટો સહિત ૨૯૦૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરી સવિતા પટેલ (સાદડવેલ સોનારીયા)ની અટક કરી આ ગાંજાનો જથ્થો પહોચાડનાર અજીત મંગુ (રહે ઉમરા તા મહુવા જી સુરત) ને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી હતી.

### દમણ પૂલ દુર્ઘટનાની 23મી વર્ષીએ મૃતાત્માને શ્રધ્ધાંજલિ અપાઈ



દમણ : સંઘપ્રદેશ દમણના ઈતિહાસમાં 28 ઓગસ્ટ 2003 ને કાળો દિવસ તરીકે અંકિત થવા પામ્યો છે. મોટી દમણ અને નાની દમણને જોડતો પુલ દમણગંગા નદીમાં આ દિવસે બપોરના સુમારે અચાનક ધરાશાયી થતાં આ ઘટનામાં મોટી દમણની ફાતિમા કોન્વેન્ટ સ્કૂલના 28 બાળકો, એક શિક્ષક અને એક રાહદારી મળી કુલ 30 લોકોના પાણીમાં ડૂબી જવાથી કરૂણ મોત નિપજવા પામ્યા હતાં. આ ગોઝારી દુર્ઘટનાને આજે 23 વર્ષ પૂર્ણ થતાં દર વર્ષની જેમ આ વર્ષે પણ ફાતિમા કોન્વેન્ટ સ્કૂલ પરિસરમાં બાળકોની યાદમાં બનાવાયેલા સ્મારક પર સ્કૂલ પ્રબંધકો દ્વારા પુષ્પાંજલી અર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્કૂલના પ્રિન્સપાલ સહિત વિદ્યાર્થીઓ અને ગણમાન્ય લોકોએ મૃતાત્માની શાંતિ માટે પ્રાર્થના કરી શ્રધ્ધાંજલિ વ્યક્ત કરી હતી.

### વલસાડમાં ૧૮મી સ્વ. પૂજ્ય મણિબા સ્મૃતિ પારિતોષિક સ્પર્ધા યોજાઈ



વલસાડ : વલસાડ સાર્વજનિક કેળવણી મંડળ સંચાલિત મણિબા સાર્વજનિક વિદ્યાલયમાં મંડળના પ્રમુખ વિનોદચંદ્ર દેસાઈ અને મંત્રી દોલતભાઈ દેસાઈની હાજરીમાં ૧૮મી સ્વ. પૂજ્ય મણિબા સ્મૃતિ પારિતોષિક સ્પર્ધા યોજાઈ હતી. પ્રાર્થના અને દીપ પ્રાગટ્ય બાદ ઈ. આચાર્ય રાજેશભાઈ આહીરે મહેમાનોનું સ્વાગત કર્યું હતું. માધ્યમિક વિભાગ માટે યોજાયેલી 'માતૃવંદના' કાવ્યલેખન-કાવ્યપઠન સ્પર્ધામાં મિસબાહ હાસ્મી પ્રથમ અને પ્રિયાંશી બર્નવાલ દ્વિતીય સ્થાને રહ્યા હતાં. ઉચ્ચતર માધ્યમિક વિભાગની 'દેશભક્તિ ગીત ડાન્સ' સ્પર્ધામાં મણિબા સાર્વજનિક વિદ્યાલય પ્રથમ અને જી.વી.ડી. હાઈસ્કૂલ દ્વિતીય વિજેતા બની હતી. નિર્ણાયક તરીકે જ્યોતિબેન ભાવસાર, સપનાબેન શર્મા અને દર્શનાબેન કનાડાએ સેવા આપી હતી. વિજેતાઓને શીલ્ડ તથા પ્રમાણપત્ર એનાયત કરાયા હતાં. કાર્યક્રમનું સફળ સંચાલન શિક્ષિકા નયનાબેન દેસાઈ અને બીનાબેન મહેતાએ કર્યું હતું.

### નવસારીમાં હવે ઘરઘાટીથી લઈને કારીગર-શ્રમિક સુધીની પોલીસ નોંધણી ફરજિયાત

નવસારી : જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ સુદ્રઢ બનાવવા તેમજ બહારથી આવીને વિવિધ સ્થળોએ કામ કરતા લોકોની ઓળખ સુનિશ્ચિત કરવાના હેતુથી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા મહત્વપૂર્ણ જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. આ જાહેરનામા મુજબ નવસારી જિલ્લામાં મકાન કે બંગલાના માલિકો ઉપરાંત વેપારીઓ, બિલ્ડરો, કારખાનેદારો અને કોન્ટ્રાક્ટરોએ પોતાના ત્યાં કામ કરતા ઘરઘાટી નોકર, ડ્રાઇવર, રસોઇયા, વોચમેન, કારીગર તથા શ્રમિકોની જરૂરી વિગતો નોંધાવવાની રહેશે. કાયમી હોય કે હંગામી અથવા રોજિંદા ધોરણે કામ કરતા હોય, આવા તમામ કામદારોની ઓળખ અને નાગરિકતાની ચકાસણી કર્યા બાદ તેમની વિગતો રાજ્ય સરકારના સિટીઝન પોર્ટલ અથવા 'Citizen First' મોબાઇલ એપ્લિકેશન મારફતે નોંધાવવાની રહેશે. આ ઉપરાંત સંબંધિત સ્થાનિક પોલીસ મથકને પણ જરૂરી જાણ કરવાની રહેશે. જિલ્લા વહીવટીતંત્ર દ્વારા જારી કરાયેલ આ આદેશનો અમલ 30 ઓગસ્ટ, 2026થી 28 ઓક્ટોબર, 2026 સુધી રહેશે. જાહેરનામાની જોગવાઈઓનું પાલન નહીં કરનાર વ્યક્તિ સામે ભારતીય ન્યાય સંહિતા, 2023ની કલમ 223 હેઠળ કાયદેસરની કાર્યવાહી થઈ શકે છે.

## છીરીના ઘરમાંથી ગેસની બોટલ, મોબાઈલ અને રોકડની ચોરી

વાપી : વાપી છીરીમાં તસ્કરોએ બંધ ફ્લેટને નિશાનો બનાવી નકુચો તોડી ઘરમાંથી ગેસના બે બાટલા, મોબાઈલ ફોન અને રોકડ મળી કુલ રૂપિયા 9,500ની મતા ચોરી કરી ગયાની ફરિયાદ વાપી ડુંગરા પોલીસ મથકમાં નોંધાવા પામી હતી. વાપી ડુંગરા પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, મૂળ ઝારખંડ અને હાલ વાપી છીરી, રણછોડનગરમાં આવેલા એસ.વી.ડી. એપાર્ટમેન્ટમાં રહેતા પૂજાબેન ઈમાનવેલ બાસ્કી (ઉં.30) તા.26-8-26 ના રોજ નોકરી ઉપર જવાનું હોય ફ્લેટને લોક કરી નીકળી ગયા હતાં. રાત્રિના સમયે તેમની બહેન આવી ત્યારે ફ્લેટનો દરવાજો અડધો ખુલ્લો જોયો હતો અને રૂમમાં સરસામાન વેરવિખેર હતો. તસ્કરોએ કોઈક સાધન વડે લોક તોડી ઘરમાંથી ગેસની બે બોટલ (કિંમત 3 હજાર), એક મોબાઈલ ફોન અને રોકડા 1500 મળી કુલ રૂપિયા 9,500ની મતા ચોરી કરી ગયા હતાં. આ બનાવ અંગેની ફરિયાદ પૂજાબેન બાસ્કીએ વાપી ડુંગરા પોલીસ મથકમાં કરી હતી.

## વાપી સ્ટેશને ચોરાયેલા મોબાઈલ અને પર્સ સાથે ૫ તસ્કર ઝડપાયા

**ચલાવાયેલી** વિશેષ ઝુંબેશ અને CCTV સર્વેલન્સના આધારે કાર્યવાહીમાં વાપી, મુંબઈ અને સુરતના શખ્સો સામે કાનૂની પગલાં



વાપી : વાપી રેલવે સ્ટેશન પર મુસાફરોની સુરક્ષા અને ગુનાખોરી અટકાવવા અર્થે RPF અને GRP વાપી દ્વારા 'ઓપરેશન યાત્રી સુરક્ષા' હેઠળ વિશેષ ઝુંબેશ ચલાવવામાં આવી હતી. આ ઝુંબેશ દરમિયાન CCTV સર્વેલન્સ, શંકાસ્પદ ઈસમોનું સઘન ચેકિંગ અને ત્વરિત કાર્યવાહીના આધારે કુલ 5 તસ્કરોને ઝડપી પાડી ચોરીના 7 મોબાઈલ ફોન તથા 1 મની પર્સ મળી કુલ રૂ.1,54,549 ની મત્તા રિકવર કરવામાં આવી હતી.

આ કામગીરી અંતર્ગત 9 ઓગસ્ટે ઈસ્ટ બુકિંગ/PRS માંથી રૂ.13,500 ની કિંમતનો Realme C31 5G મોબાઈલ ચોરીને ભાગતા ઈસમની ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદ 21 ઓગસ્ટે મુંબઈના બોરીવલી ખાતે રહેતા અંકિત દુબે (ઉં. 29) ને PRS પરિસરમાંથી મુસાફરનો રૂ.7,500 ની કિંમતનો TECNO મોબાઈલ ચોરીને ભાગતી વખતે ઝડપી પાડી કાર્યવાહી કરાઈ હતી. 23 ઓગસ્ટે વાપીના ડુંગરા ખાતે રહેતા જય દાસ (ઉં. 25) ની પૂછપરછ અને CCTV તપાસના આધારે ચોરીના રૂ.95,899 ની કિંમતના Samsung Galaxy M14 અને iPhone 13 Mini રિકવર કરી ગુનો નોંધવામાં આવ્યો હતો.

વધુમાં, 24 ઓગસ્ટે સુરતના કતારગામના સુભાષ પારેખ (ઉં. 69) ને CCTV ના આધારે ઝડપી પાડી તેની પાસેથી મની પર્સ, રૂ. 5,650 રોકડા, PAN કાર્ડ અને વિઝિટિંગ કાર્ડ જપ્ત કરાયા હતા. જ્યારે 26 ઓગસ્ટે વાપીના ગીતાનગરના ઉમેશ રામ (ઉં. 45) પાસેથી રૂ.32,000 ની કિંમતના Vivo V2575 અને Oppo A57 મોબાઈલ રિકવર કરી કાનૂની કાર્યવાહી કરવામાં આવી હતી. RPF/વાપી અને GRP/વાપીની આ સતર્કતા અને પરસ્પર સમન્વયથી ચોરાયેલી મત્તા રિકવર કરી મુસાફરોને રાહત પહોંચાડવામાં આવી છે તથા તમામ આરોપીઓને આગળની કાર્યવાહી અર્થે GRP વાપીને સોંપવામાં આવ્યા છે.



## વાપીમાં 'સ્પંદન' દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

વાપી : વાપીમાં 'સ્પંદન' સંસ્થા દ્વારા શ્રી રજ્જુભાઈ શ્રોફ ઓડિટોરિયમ, નામધા ખાતે 'આલ્કેમી ઓફ ધ મોન્ક એન્ડ સાયન્ટિસ્ટ' સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ભારતીય સંસ્કૃતિના ત્રણ દિગ્ગજ જ્ઞાતાઓએ પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા.

કાર્યક્રમની શરૂઆત સ્વામિનારાયણ ગુરુકુળ, સલવાવના વિદ્યાર્થીઓની પ્રાર્થનાથી થઈ હતી. મુખ્ય વિચારક નિકુંજભાઈ શુક્લા અને આયોજક જીગ્નેશ ભટ્ટે કાર્યક્રમની ભૂમિકા સ્પષ્ટ કરી હતી, જ્યારે પ્રમુખ ચારુશીલા ભટ્ટે પ્રવચન આપ્યું હતું. કાર્યક્રમમાં સ્વામી પરમાત્માનંદજીએ ધર્મ એટલે માત્ર પૂજા-પાઠ નહીં, પરંતુ પુત્ર-ધર્મ, પિતા-ધર્મ અને રાષ્ટ્ર-ધર્મ જેવા કર્તવ્યો છે. આધ્યાત્મ એટલે સાધના દ્વારા પરમ સત્યને જાણવા જણાવ્યુ હતુ.

ગોસ્વામીરાયજી મહારાજે મહાભારત વાંચવાથી ઘરમાં ઝગડા થાય તેવી ભ્રામક માન્યતા છે. પરિવારે સાથે બેસીને મહાભારતનો પાઠ કરવો જોઈએ. તેમણે રામાયણ-મહાભારતના ઉદાહરણો દ્વારા જ્ઞાન અને વિજ્ઞાનનો સંબંધ સમજાવ્યો હતો. સ્વામી વિદ્યાનંદ સરસ્વતીજીએ શ્રોતાઓને ઓમકારના ઉચ્ચારણથી એકાગ્ર કર્યા બાદ, ધરમપુરના બરૂમાળ મંદિર અને આશ્રમશાળા દ્વારા આદિવાસી સમાજમાં કરાઈ રહેલા સેવા કાર્યોની માહિતી આપી હતી.

આ કાર્યક્રમમાં પદ્મશ્રી ગફુરભાઈ બિલખીયા, વાપી ડીવાયએસપી બી.એન. દવે, વિચારક નિકુંજ શુક્લા, સ્પંદન ઉપપ્રમુખ જીગ્નેશ ભટ્ટ, પ્રમુખ ચારુશીલા ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન શિક્ષિકા જ્યોતિબેન પાંડેએ કર્યુ હતુ.

## વાપીમાં મોબાઈલ સ્નેચિંગ કરતી ટુ-વ્હીલર ગેંગ સક્રિય

**જીઆઈડીસી** અને ટાંકી ફળિયા વિસ્તારમાં બે યુવકોના મોંઘા મોબાઈલ ઝૂંટવાયા

વાપી : વાપી શહેરમાં મોબાઈલ ફોન ઝૂંટવનારી ટુ-વ્હીલર ગેંગ ફરી સક્રિય બની હોય તેવું લાગી રહ્યું છે. વાપીના બે બનાવોમાં રાહદારીના હાથમાંથી મોબાઈલ ફોન ખેંચીને ભાગી જવાના બનાવો સામે આવ્યા છે.

વાપી ઉદ્યોગનગર પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો અનુસાર, દાદરા અને નગર હવેલીના સેલવાસ સ્થિત આમલી બાલાજી ટાઉનશીપમાં રહેતા અને દાદરા દમેણી રોડ પરની કંપનીમાં નોકરી કરતા હરીશ નરસીંગ સ્વામી (ઉં. ૩૨) ગત ૫ જૂન ૨૦૨૬ના રોજ રાત્રિના સમયે વાપી આવ્યા હતા. રાત્રે દશેક વાગ્યાની આસપાસ તેઓ વાપી જીઆઈડીસીમાં વૈશાલી ચાર રસ્તા પાસે રોયલ સેલ્ટર સામે ચાલીને જઈ રહ્યા હતા અને ફોન પર વાત કરી રહ્યા હતા. તે દરમિયાન પાછળથી વગર નંબરના મોપેડ પર આવેલા આશરે ૨૦ થી ૨૫ વર્ષની વયના બે યુવકો પૈકી પાછળ બેઠેલા શખ્સે તેમના હાથમાંથી અંદાજે ૮૦,૦૦૦ રૂપિયાની કિંમતનો કંપનીનો મોબાઈલ ફોન ઝૂંટવી લીધો હતો અને ફરાર થઈ ગયા હતા. આ અંગે વાપી ઉદ્યોગનગર પોલીસ મથકે ગુનો નોંધાયો છે.

બીજા બનાવમાં, વાપી ટાઉન પોલીસ મથકે નોંધાયેલી વિગત મુજબ મૂળ ઉત્તર પ્રદેશના અને હાલ વાપી કોળીવાડ સ્થિત ચાલીમાં રહેતા તથા ટ્રક ડ્રાઈવર તરીકે નોકરી કરતા આશિષકુમાર શ્યામલાલ એહરવાર (ઉં. ૨૩) ગત ૨૬ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ રાત્રિના નવેક વાગ્યાની આસપાસ વાપી ટાંકી ફળિયા ખાતે સાઈબાબા મંદિર સામેથી મોબાઈલ પર વાત કરતા પસાર થઈ રહ્યા હતા. ત્યારે બાઈક પર સવાર આશરે ૨૦ થી ૨૫ વર્ષના બે અજાણ્યા યુવકો આવ્યા હતા અને પાછળ બેઠેલા શખ્સે રૂપિયા ૨૪,૯૯૯ ની કિંમતનો મોબાઈલ ફોન ખેંચી લીધો હતો. આ મામલે ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે બંને બનાવોમાં ગુનાહિત પ્રવૃત્તિ આચરનાર ઇસમોને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.